Letter No: ED/0212/07/2023 Dt: 12-07-2023

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને મળવાપાત્ર રજાઓ અંગે જરૂરી સૂચના/સ્પષ્ટતા બહાર પાડવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:ED/GMO/e-file/3/2022/1719/G-1
સચિવાલય, ગાંધીનગર

વંચાણે લીધા:

1. નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) ઝ.૧
2. નાણા વિભાગના તા. ૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) ઝ.૧
3. નાણા વિભાગનો તારીખ ૧૨/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૫૦૭/ઝ.૧
4. કમિશનર શાળાઓની કચેરીનો તા.૦૩/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક: મકવ/મ.૪/૨૦૨૨/૧૬૬૯

પરિપત્ર:

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) થી (૩) સામેના ઠરાવો /પત્રથી થયેલ જોગવાઇ અન્વયે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષણ સહાયકોને મળવાપાત્ર રજાઓ અંગે અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થતાં, કમિશનર શાળાઓની કચેરી દ્વારા વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તારીખ ૦૩/૦૩/૨૦૨૨ના પત્રથી જરૂરી સ્પષ્ટતા કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે.

૧) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો વેકેશનલ કર્મચારીઓ હોવાથી નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવના ફકરા નં.૪(૧) ની જોગવાઇ અનુસારની ખાસ રજાઓ મળવાપાત્ર નથી.

- જે શિક્ષણ સહાયકો દ્વારા ઉપર જણાવ્યા મુજબની ખાસ રજાઓ ભોગવવામાં આવેલ હોય/મંજૂર કરવામાં આવેલ હોય, તેઓના રજાઓના પગારની રીકવરી ન કરતાં, ભવિષ્યમાં પ્રાપ્ત થનાર પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાઓ સામે સરભર કરવાની રહેશે તેમજ આ સમયગાળાની ગણતરી ફિક્સ પગારના સમયગાળામાં કરવાની રહેશે.

૨) નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવના ફકરા નં. ૪ (૨)ની જોગવાઇ અન્વયે નાણા વિભાગના તા. ૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવથી કરેલ સ્પષ્ટતા મુજબ, સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ફિક્સ પગારના શિક્ષણ સહાયકોને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટે પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગાર માં ૨૦ રજા નિયમ મુજબ મેડિકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે.

- વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજૂર કરી શકશે.
- આ રજાઓ એકઠી થઇ શકશે.

૩) નાણા વિભાગના તા.૧૨/૧૦/૨૦૨૦ના પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૦/૫૦૭/ઝ.૧ મુજબ ફીક્સ પગારની પાંચ વર્ષની સેવાઓ દરમ્યાન એકઠી થયેલી માંદગી અંગેની રજાઓ નિયમિત નિમણૂંક મળ્યા બાદ કેરી ફોરવર્ડ કરી શકાશે.

આ સૂચનાઓ નાણા વિભાગના પરામર્શમાં સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૦૭/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર (ઠરાવ ઓનલાઇન મુકવા સારું)

Signature Not Verified
Signed by:J T Bandhaniya
Under Secretary
Date: 2023.07.12
15:40:54 +05:30

File No: ED/GMO/e-file/3/2022/1719/G-1
Approved By: Bhavesh Erda(Additional Secretary,FRC Cell,ED)

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- શાખા સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by:J T Bandhaniya
Under Secretary
Date: 2023.07.12
15:40:54 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign